
ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૪૭ ટકા

# સે. ૨૩ સ્વામિનારાયણ મંદિરના આંગણે અમૃતવર્ષા પ્રદર્શન

**કલા, ભક્તિ, જ્ઞાન અને વિજ્ઞાનનો અનોખો સમન્વય : હરિભક્તોની ભક્તિવંદના સાથે કલાના બેનમૂન નમૂનાની ઝાંખી : ભગવાન સ્વામિનારાયણના ભારત પરિભ્રમણના અલૌકિક દર્શન, ભારતના ગ્રામ્યજીવનની વાસ્તવિક ઝાંખી, ગિરીરાજધરણ લીલા દર્શન નિહાળી શ્રદ્ધાળુઓમાં હર્ષની લાગણી : મંદિરના ૪૦૦ હરિભક્તોની મહીનાઓની મહેનતના અંતે દિવ્ય અને ભવ્ય પ્રદર્શન ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર**







ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૨૩ સ્થિત સ્વામીનારાયણ મંદિર દ્વારા અમૃતવર્ષા મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૂર્વે આજે અમૃતવર્ષા પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. કલા, ભક્તિ, જ્ઞાન અને વિજ્ઞાનનો અનોખો સમન્વય ધરાવતા આ પ્રદર્શનમાં મંદિરના ૪૦૦ જેટલા હરિભક્તો દ્વારા કલા-સંસ્કૃતિ અને ધર્મની ઝાંખી કરાવતુ વૈવિધ્યસભર નમૂનાઓ રજુ કર્યા છે. વિવિધ ૧૦ વિભાગમાં પ્રદર્શન ગેલેરીમાં ભગવાન સ્વામીનારાણના વિવિધ ધાર્મિક સ્થળો, ભારત પરિભ્રમણના અલૌકિક દર્શન, ગીરીરાજધરણ લીલા દર્શન, ગ્રામ્ય જીવનની વાસ્તવિક ઝાંખી, કલાત્મક હિંડોળા, બાલ કલરવ સહિત ભારતીય સંસ્કૃતિના બહુવિધ દર્શન થાય છે. પ્રદર્શનમાં હરિભક્તોની ભક્તિ વંદના સાથે કલાકૃતિના બેનમૂન નમૂના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સાત દિવસીય આ અમૃતવર્ષા પ્રદર્શનની એક લાખ જેટલા ભાવિકો મુલાકાત લેશે તેવો અંદાજ છે.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદ તથા શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી અમૃતવર્ષા મહોત્સવનું આયોજન તા. ૨૧ થી ૨૫ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે. ત્યારે અમૃતવર્ષા મહોત્સવ પ્રસંગે હરિભક્તો દ્વારા જાણવા, માણવા અને નિહાળવા જેવુ 'અમૃતવર્ષા પ્રદર્શનમ્' આજે સવારે ૧૦ કલાકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાના હસ્તે ખુલ્લુ મુકાયુ હતુ. આ પ્રસંગે શાસ્ત્રી હરિકેશવદાસજી, પુ હરિપ્રિયદાસજી, વાસુભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, ભગવાનભાઈ મીસ્ત્રી, કનુભાઈ પટેલ, બાબુભાઈ કોઠારી સહિત મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા. આ પ્રદર્શન તા. ૧૭થી ૨૫ દરમિયાન રોજ સવારે ૯ થી સાંજે ૬ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે. આ પ્રદર્શનમાં સ્વામીનારાયણ ભગવાનનું વર્ણિવેરો ભારત પરિભ્રમણનું અલૌકિક દર્શન, દોલોત્સવ, કલાત્મક હિંડોળામાં ઝુલતા ઠાકોરજીના અદ્ભુત દર્શન ભારતીય ગ્રામ્ય જીવનની વાસ્તવિક ઝાંખી, ભારતીય સંસ્કૃતિ દર્શન, શોલાર સીટી, બાલ કલરવ સહિત પ્રેરણાદાયી, આકર્ષક કલા, ભક્તિ અને જ્ઞાન-વિજ્ઞાનના સમન્વય સાથેનું પ્રદર્શન તૈયાર કરાયું છે. જ્યારે તા. ૨૧ થી ૨૫ ડિસેમ્બર દરમિયાન પાંચ દિવસ અમૃતવર્ષા મહોત્સવમાં જીવનમાં ભક્તિ, સત્સંગ, સેવા સંપ, સદ્ભાવ વધે તેવા પ્રેરણાદાયી તથા મોક્ષદાયી વિવિધ મંગળ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૧મીને ગુરૂવારના રોજ સવારે ૮ કલાકે ઠાકોરજીની મંદિરમાંથી સભા મંડપમાં પધરામણી, શોભાયાત્રા, ઉદ્ઘાટન સમારોહ, દિપપ્રાગટ્ય ધન્ય, કથા, સત્સંગસભા, બપોરે ૨.૩૦ કલાકે મેડીકલ કેમ્પ, રાત્રે ૮ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. તા. ૨૧ના રોજ સવારે ૮ કલાકે ધૂન્ય, સત્સંગ સભા, મહાનૈવય, બપોરે ૩.૩૦ શ્રી હરિપૂજન તથા આહુતિયજ્ઞ પ્રારંભ, રાત્રે ૮ કલાકે અમૃત તુલાવિધિ અને સંતના સાનિધ્યમાં ગોષ્ઠિનો કાર્યક્રમ યોજાશે. તા. ૨૩ને સવારે ૮ કલાકે મારૂતિયજ્ઞ, ધુન્ય, બપોરે ૨.૩૦ વાગે અમૃતવર્ષા નગરયાત્રા અને રાત્રે ૮ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૨૪ના રોજ સવારે ૮ કલાકે મહાઅભિષેક, મહાનિરાજન આશિર્વાદની અમૃતવર્ષા શાકોત્સવ, બપોરે ૨.૩૦ કલાકે બહેનો માટે સદભાવલક્ષી કાર્યક્રમ, રાત્રે ૮ કલાકે અભિવાદન ગોષ્ઠિ તેમજ તા. ૨૫ના રોજ સવારે ૮ કલાકે શ્રીનરનારાયણદેવ પીડાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન અને આશિર્વાદ સભા યોજાશે. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહેશે. મંદિર માટે તા. ૧૭ થી ૨૫ દરમિયાન ધાર્મિક વાતાવરણ સર્જાયેલુ રહેશે.

## સોનારડા પાસેથી દારૂનો જથ્થો ભરેલી બિનવારસી ટ્રક પકડાઈ





ગાંધીનગર, તા. ૧૭

ડભોડા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન દહેગામ-નરોડા રોડ પર સોનારડા ગામની સીમમાં એસ્સાર પેટ્રોલ પંપ સામે એક બિનવારસી પડેલા ટ્રકમાં દારૂનો જથ્થો હોવાની બાતમી પોલીસને મળી હતી. આ બાતમી આધારે તપાસ કરતાં ટ્રકમાંથી ૧૪૮ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ડભોડા પોલીસે રૂ. ૧૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સુધી પહોંચવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ડભોડા પીએસઆઈ એલ.એસ. ચૌધરીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સોનારડા પાસે એસ્સાર પેટ્રોલપંપ સામે રોડ ઉપર દારૂ ભરેલો ટ્રક બિનવારસી પડ્યો હોવાની બાતમી મળી હતી. આ બાતમી આધારે જીજે. ૦૯. વી. ૩૧૮૩ નંબરના બિનવારસી પડેલા ટ્રકમાં ડભોડા પોલીસે તપાસ કરતાં અંદરથી ૧૪૮ પેટી દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૪૦૦ની એક બોટલ એમ કુલ ૧૭૭૬ નંગ બોટલો મળી કુલ રૂ. ૭,૧૦,૪૦૦ની કિંમતની દારૂની બોટલો ટ્રકમાંથી મળી આવી હતી. ડભોડા પોલીસે દારૂ તથા રૂ. ૪ લાખની ટ્રક મળી કુલ રૂ. ૧૧,૧૦,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ટ્રકના નંબરને આધારે ટ્રક માલીક અને ત્યાંથી મુખ્ય બુટલેગર સુધી પહોંચવા ડભોડા પોલીસે તજવીજ શરૂ કરી છે.

## આર્ટ ઓફ લીવીંગનો હેપ્પીનેસ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર ચેપ્ટર દ્વારા આગામી તા. ૨૩ થી ૨૫ ડિસેમ્બર-૨૦૧૭ દરમિયાન ત્રિ-દિવસીય 'હેપ્પીનેસ પ્રોગ્રામ'નું આયોજન શહેરના સે. ૧૧ મેઘમલ્હાર કોમ્પ્લેક્ષના આઠમા માળે કરવામાં આવેલ છે. આ કોર્ષનો સમય સાંજે ૫ થી ૮.૩૦ દરમિયાનો રાખવામાં આવેલ છે. આ કોર્ષમાં ૧૮ વર્ષથી ઉપરના કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. આ શિબિરમાં યોગ, ધ્યાન, પ્રાણાયામ, વિવિધ પ્રક્રિયાઓ, મનોરંજક રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના દ્વારા શરીરના રાસાયણીક વિકાર તથા મનના ભાવનાત્મક અને માનસિક અવરોધો દૂર કરે છે. આ શિબિરનું હાર્દ એવી સુદર્શન ક્રિયા, શ્વાસ દ્વારા શરીર અને મનને લયબદ્ધ કરે છે. આ શિબિરની વધુ માહિતી તથા રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર ૯૯૯૮૮ ૬૫૯૯૯, ૯૨૬૫૯ ૪૨૪૩૫, ૯૯૨૪૮૫૦૪૪૬ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## ડિફેન્સની બ્રાન્ડેડ બોટલોમાં સસ્તો દારૂ ભરીને વેપલો કરતાં બે ઝડપાયા

**હરિયાણામાં પ્લાસ્ટીકની બોટલોમાં વેચાતો સસ્તો દારૂ લકઝરીમાં લેતા આવતા ને ગાંધીનગરના ભંગારીયાઓ પાસેથી ડિફેન્સની ખાલી બોટલો લઈ આવી રીફીલ કરતા હતા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સર્કલ પીઆઈની ટીમે બાતમીને આધારે પ્રાંતિયા ગામમાં એરફોર્સના જવાનની ખોટી ઓળખ આપી ભાડે મકાન રાખીને રહેતા બે શખ્સોને હરીયાણાની બેસ્ટ્રો વ્હીસ્કીની ૩૬ બોટલો સાથે દબોચી લીધા હતા. તપાસ કરતા તેના ઘરેથી ડિફેન્સની ઊંચી બ્રાન્ડની ખાલી બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. ઊંડી પુછપરછમાં બહાર આવ્યું છે કે આ બંને શખ્સો ગાંધીનગરના ભંગારીયાઓ પાસેથી ખાલી બોટલો ખરીદી કરી આવતા હતા અને હરીયાણાનો સસ્તો દારૂ લાવીને તે ડિફેન્સની બોટલોમાં ભરી ઊંચા ભાવે વેપલો કરતા હતા. ડભોડા પોલીસમથકમાં આ ગુનો દાખલ કરી સર્કલ પીઆઈએ વધુ તપાસ શરૂ કરી છે. ગાંધીનગર સર્કલ પીઆઈ એલ.ડી. વાઘેલાને બાતમી મળી હતી કે ડિફેન્સની વિદેશી દારૂની



બોટલોનું પ્રાંતિયા ગામે મોંઘા ભાવે વેચાણ થાય છે. જે આધારે વૉચ ગોઠવીને હરીયાણાથી લકઝરીમાં દાર લઈને પ્રાંતિયા આવેલા અમિત ઊર્ફે બંટી રામચંદ્ર જાટ તથા મનજીત ઊર્ફે કાળુ સીનસિંગ જાટ નામના બંને શખ્સોને હરીયાણાની બેસ્ટ્રો વિસ્કી સાથે પકડી પાડ્યા હતા. પ્લાસ્ટીકની બોટલોમાં સસ્તા ભાવે હરીયાણા વેચાતો દારૂ પ્રાંતિયા લાવીને ડિફેન્સની બોટલોમાં વેચતા બંને શખ્સો ૩૬ બોટલ સાથે પકડાયા હતા. રૂ. ૧૪,૪૫૦ની કિંમતનો દારૂ અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. ૨૦,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ડભોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પકડાયેલા બંને શખ્સો એરફોર્સના જવાન હોવાનુ કહીને પ્રાંતિયા ગામમાં ભાડે મકાન રાખીને રહેતા હતા. મકાનમાં તપાસ કરતા ડિફેન્સની ઊંચી બ્રાન્ડની ખાલી બોટલોનો જથ્થો મળી આવતા રહસ્ય ખુલ્યુ હતુ કે હરીયાથી સસ્તો દારૂ લાવીને આ બોટલોમાં ભરી ડિફેન્સ બોટલ તરીકે વેચી મારતા હતા. ખાલી બોટલો તેવો ભંગારના ગોડાઉનોમાંથી લાવતા હોવાનું કબુલ્યુ છે.

## સેકટર-૩ સિનિયર સિટિઝનના સન્માન સમારોહમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૩માં વસવાટ કરતા વડીલોનો સન્માન સમારોહ આગામી તા. ૨૫/૧૨/૨૦૧૭ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રામેશ્વર મંદિર સેકટર-૩ ખાતે રાખવામાં આવેલ છે. જયારે સાથે સાથે વડીલો માટે પ્રિતી ભોજનનું પણ આયોજન વિનામૂલ્યે કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં તા. ૨૫ના રોજ બપોરે ૪ કલાકે આમંત્રિત મહેમાનોનું સ્વાગત અને ઉદ્બોધન, ૪.૩૦ કલાકે પ્રીતિ ભોજન રાખવામાં આવેલ છે. જયારે રાત્રે ૮.૦૦ કલાકે લાલા ભગતના ભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સેકટરના વડીલોએ ભોજનના પાસ વિનામૂલ્યે સેકટર-૩ડી રામેશ્વર મંદિર ખાતેથી મેળવી લેવાના રહેશે. તેમ સેકટર-૩ વસાહત મંડળના પ્રમુખ રાજુભાઈ ભટ્ટે જણાવ્યું છે.

# ચૂંટાયેલા ઉમેદવારો ખર્ચાની 'રીકવરી' કરશે કે લોકશાહીની રખેવાળી ??

**ખર્ચ કરોડોનો કરી હિસાબ લાખમાં બતાવતા ઉમેદવારો પર અંકુશ ક્યારે ? નોટબંધી પછી પણ લોકસેવાનો 'પરવાનો' મેળવવા લાગેલી હોડમાં નાણાંની રેલમછેલે અનેક પ્રશ્નો ખડા કર્યા છે**




ગાંધીનગર, તા. ૧૭

આખરે ગુજરાત વિધાનસભાની બહુચર્ચિત ચૂંટણીઓ તેના આખરી પડાવ સુધી આવી પહોંચી છે અને પરિણામની નિર્ણાયક ઘડીની ઘડીઓ ગણાઈ રહી છે. રાજકીય પંડિતોએ આ ચૂંટણીને ઐતિહાસિક ગણાવી છે કેમ કેમ કે આ ચૂંટણીનો જનાદેશ ગુજરાતમાં સાશકપક્ષના ૨૨ વર્ષના સાશનનો અંત લાવશે કે પરિવર્તનથી હજુ પણ પ્રજા અળગી રહેશે તેનો નિર્ણય થશે. જો કે પરિણામ જે પણ આવે આ ચૂંટણીમાં તમામ પક્ષે આક્ષેપ-પ્રતિઆક્ષેપમાં નીતિમત્તાની મર્યાદા ક્યાંય દૂર મુકી દીધી હતી. વળી, પ્રજામાં ઠાવકા બનીને સાદગી કે ગરીબાઈનો દંભ કરતા ઉમેદવારોએ તેમની કહેવાતી 'લોકસેવા' કરવાનો 'પરવાનો' મેળવવા એટલે કે ચૂંટણી જીતવા નાણાંની કોથળીઓ નહી પરંતુ જાણે ભંડારો ખુલ્લા મુકી દીધા હતા. પૈસાના આ ખેલ સામે લોકશાહીની હરાજી થતી હોય તેવી સ્થિતિ જોવા મળી હતી.

ચૂંટણી પંચ તો નહોર વગરનો વાઘ છે તેવુ નિવેદન એક રાષ્ટ્રીય કક્ષાના રાજકીય પક્ષ દ્વારા કરવામાં આવ્યુ હતુ જે આ ચૂંટણીમાં જોવા મળેલા નાણાંના ખેલ સામે પર્યાય સાબિત થતુ જોવા મળ્યું છે. ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની બેઠકના એક ઉમેદવારને ચૂંટણી પ્રચાર માટે ખર્ચની મર્યાદા રૂ. ૨૮ લાખ નક્કી કરવામાં આવી હતી અને આ ખર્ચ મર્યાદાનું પાલન થઈ રહ્યું છે કે નહી તે માટે ઉમેદવારે સતત ખર્ચનો હિસાબ ચૂંટણીપંચ સમક્ષ રજુ કરતા રહેવાનો હતો. ઉમેદવારી ફોર્મ ભર્યા પછી મતદાન સુધીના ગાળામાં ઉમેદવારને આશરે ૧૨ થી ૧૫ દિવસ પ્રચારકાર્ય માટે મળે છે. જે સમયગાળામાં તેણે તેના ઉમેદવારી ક્ષેત્રના સમગ્ર વિસ્તારમાં પ્રચાર કરવાનો હોય છે. જેથી તેઓ વિવિધ માધ્યમોનો ઉપયોગ કરે છે. ચૂંટણી પ્રચાર માટેના માધ્યમોમાં રેલી, સભા, મુલાકાત, સમારંભ વગેરે પ્રત્યક્ષ અને ટીવી-અખબાર કે રેડિયો અથવા ઈન્ટરનેટ થકી જાહેરાત, પોસ્ટર્સ, હોર્ડિંગ્સ,




પેમ્ફલેટ્સ વગેરે પરોક્ષ પ્રચારના સાધનોનો સમાવેશ થાય છે. વળી, સમગ્ર ચૂંટણી પ્રચારનું સંકલન યોગ્ય રીતે થઈ શકે તે માટે વિસ્તાર દીઠ ચૂંટણી કાર્યાલયો અને એક મધ્યસ્થ કાર્યાલયની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવે છે. આ કાર્યાલયો પર મંડપ, લાઈટ, સાઉન્ડ, ટીવી, ગાંદલા-ખુરશી-ટેબલ, સતત ચા-કોફી-પાણી અને દરરોજ વિવિધ ગરમાગરમ નાસ્તાની વાનગીઓ વગેરે અનિવાર્યપણે જોવા મળે છે. ચૂંટણી સમયે આ તમામ ચીજવસ્તુઓની માંગ વધુ હોવાથી ભાવ અને ભાડામાં ધરખમ વધારો પણ જોવા મળે છે જે ખર્ચમાં વધારો કરે છે.

ચૂંટણી પ્રચાર માટે સ્ટેશનરીનો ખર્ચ પણ ખૂબ મોટો હોય છે. જેમાં વિવિધ પ્રકારનું પ્રચાર સાહિત્ય તૈયાર કરાય છે. જેમ કે હેન્ડબિલ, પોસ્ટર્સ, મતદાતા સ્લીપ વગેરે સાથે વિવિધ પ્રકારના આર્ટિકલ્સ જેવા કે કિચેઈન, મગ, મોબાઈલ કવર, સ્ટેપની વ્હીલ કવર, ખેસ, ટોપી, ટીશર્ટ બનાવડાવાય છે. આ ઉપરાંત ઠેર ઠેર હોર્ડિંગ્સ, બેનર્સ લગાડાય છે તથા દરેક વિસ્તારમાં રીક્ષાઓ ફેરવી લાઉડસ્પીકર્સ દ્વારા પ્રચાર કરાય છે. પત્રિકાઓ છપાવવા સાથે તેના વિતરણનો ખર્ચ પણ મસમોટો હોય છે. તેજ રીતે બાઈકરેલીમાં જોડાનારને પેટ્રોલ ખર્ચની વ્યવસ્થા, કાર્યાલયની દેખરેખ તથા સેવા માટે કર્મચારીઓને મહેનતાણુ આ બધુ તો કાર્યકરના નામે છુપા ખર્ચમાં જોડાયેલુ જ હોય છે. આમ પણ ચૂંટણી પ્રચારમાં સૌથી વધુ ખર્ચ દેખાડેલો નહી પરંતુ છુપાવેલો જ હોય છે. જેમાં મતદાતાઓથી માંડી ટેકેદારો અને કાર્યકરો સુધી ખાણી-પીણી વ્યવસ્થા, સ્નેહમિલન સમારંભો, સોશ્યલ મિડિયા પર પ્રચારની વ્યવસ્થા, સતત દોડતા કાર્યકરોના વાહનોના ઈંધણ ઉપરાંત તેમના નાસ્તા પાણી ભોજન, વાહનોના ડ્રાયવર્સને મહેનતાણાં વગેરેનો સમાવેશ થાય છે. આ બધા સાથે ઉમેદવાર અને નજીકના ટેકેદારોના સતત વપરાતા મોબાઈલ બિલ્સનો જાણે ક્યાંય ઉમેરાતા જ નથી. ગ્રામીણ હોય કે શહેરી દરેક વિસ્તારમાં મતદારોને રીઝવવા દારૂનો બેફામ ઉપયોગ થાય છે તે આ ચૂંટણીમાં ઝડપાયેલા દારૂના જથ્થાથી ખબર પડે જ છે. માત્ર આટલુ કરવાથી કામ પતી જતુ નથી. ઉમેદવારે તેની સભામાં કે રેલીમાં ભીડ એકઠી કરવાથી માંડીને મતદાન દિવસે મતદાતાને બુથ સુધી લઈ જવા અથવા પ્રતિસ્પર્ધીના ટેકેદારોને મતદાન કરતા અટકાવવા પણ નાણાની રેલમછેલ કરાય છે. પ્રચારમાં એક એક વિસ્તારમાં કે જ્ઞાતિ, સમાજ વગેરેની મિટીંગ કરાવવા માટે વચેટિયાઓને 'ખુશ' રાખવા પડે છે. આવા તો અઢળક ખર્ચા ઉપરાંત વોટ કપાતા અટકાવવા અન્ય ઉમેદવારને બેસાડી દેવો કે પ્રતિસ્પર્ધીના વોટ કાપવા અન્ય ઉમેદવાર ખડો કરવો તેથી ખર્ચનો અંદાજ લગાડવો જ મુશ્કેલ હોય છે.

ટુંકમાં ચૂંટણીમાં ભ્રષ્ટાચાર અને કાળુ નાણું દૂર કરવાની ગુલબાંગો ફેંકતા રાજનેતાઓ ભલે કોઈપણ રાજકીય પક્ષના હોય પરંતુ મોટાભાગના ઉમેદવારો કાળા નાણાં મતલબ બિનહિસાબી નાણાના સહારે જ ચૂંટણી લડે છે. જે નોટબંધીના અમલ પછી પણ યોજાયેલી તમામ ચૂંટણીઓમાં થયેલા બેફામ ખર્ચાથી સ્પષ્ટ જણાઈ આવ્યુ છે. આ પરિસ્થિતિમાં ચૂંટણી પંચની રૂ. ૨૮ લાખની મર્યાદા અને તેનું પાલન કરાવવા કરાતી વિડિયોગ્રાફી કે ખર્ચના રજીસ્ટર સાથેના હિસાબોની રજૂઆત એ બધુ મતદારોના સંતોષ માટેનું જ ગણાય છે. આટલા મસમોટા ખર્ચા પછી ચૂંટાયેલા ઉમેદવારો તેમના ખર્ચાની 'રિકવરી' માટે કામ કરશે કે પછી પ્રજાની હજુ પણ લોકશાહીમાં ટકેલી શ્રદ્ધાની રખેવાળી કરશે તે સૌએ વિચારવું રહ્યું.

પ્રતિભાવો આવકાર્ય
Samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● સ્મિત મ્યુઝિક દ્વારા સારેગામા ઓપન ગુજરાત સિંગિંગ કોમ્પિટીશન ૨૦૧૭ના કલાકારોનું સેમીફાઈનલ રાઉન્ડ સવારે ૮ થી ૫ કલાક દરમિયાન પી.ડી.પી.યુ. ખાતે યોજાશે.

## ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજના પ્રમુખની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજની તાજેતરમાં સામાન્ય સભા યોજાઈ ગી. આ સભામાં મોટી સંખ્યામાં હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ પ્રસંગે સૌ સભ્યોએ સર્વાનુમતે પ્રમુખ તરીકે નિમેષ વાઘેલાની નિમણૂંક કરવામાં આવી હતી. યુવા અગ્રણીની પસંદગી થતા સમાજના ભાઈ-બહેનોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

## ચિરવિદાય

- સ્વ. ભટ્ટ તીર્થ ધર્મેન્દ્રકુમાર, ઉ.વ. ૧૨
- સ્વ. ખાંટ અમરતજી દોલાજી, ઉ.વ. ૪૦